


### મુસાફરોને જીપની ઉપર અને સાઈડમાં લટકીને સફર કરવી પડે છે

# જીપોમાં ઓવરલોડિંગ મોતની મુસાફરી

**ડુમખલ** અને પીપલોદ સહિતના વિસ્તારોમાં એક જીપમાં ૧૫ને બદલે ૨૫ મુસાફર

**ટેકરા** પર ચઢ-ઊતર દરમિયાન અકસ્માતની શક્યતા, કેટલાય જીવ જઈ શકે

**તંત્ર** તાત્કાલિક ST બસ શરૂ કરે તેવી માંગ



ચિકદા: ડેડિયાપાડાના પૂર્વ પટ્ટીના અંતરિયાળ વિસ્તારોમાં પરિવહન સુવિધાનો અભાવ જોવા મળે છે. સાતપુડાની પર્વતમાળાનાં ઊંડાણમાં વસેલાં ગામડાંના લોકો આજે પણ 18મી સદીની સ્થિતિમાં જીવી રહ્યા છે, જ્યાં સરકારી બસ સેવા પહોંચી નથી.

ડુમખલ, પીપલોદ સહિતનાં અનેક ગામોમાં નવી પેઢીને શિક્ષણ માટે અને લોકોને તાલુકા મથકે સરકારી કચેરીઓમાં કામકાજ માટે સરકારી બસ ન મળતાં ખાનગી જીપોનો આશરો લેવો પડે છે. આ જીપોમાં મુસાફરોને ખીચોખીચ બેસાડવામાં આવે છે, ઉપરાંત જીપની ઉપર અને સાઈડમાં ઊતરવાનાં પગથિયાં પર લટકાવીને લઈ જવામાં આવે છે. આવાં નિર્દયી વાહનો ટેકરા પર ચઢતાં-ઊતરતાં કોઈપણ સમયે અકસ્માત થઈ શકે છે. એક ગંભીર અકસ્માત થાય તો કેટલાય મુસાફરોના જીવ જઈ શકે તેવી સ્થિતિ છે. વિદ્યાર્થીઓ પણ મજબૂરીમાં આવાં વાહનોમાં બેસવા ફરજિયાત છે. તેઓ કહે છે કે, અમારે ભણવું છે, પણ સલામત વાહનો નથી.

સ્થાનિક લોકોનું કહેવું છે કે, આ વિસ્તારમાં સરકારી બસ સેવા શરૂ કરવામાં આવે તો આવા જીવલેણ પ્રવાસથી બચી શકાય. અત્યારે તો જીવ હાથમાં લઈને મુસાફરી કરવી પડે છે. પરિવહન સુવિધા ન હોવાથી અહીંના લોકો દૈનિક જીવનની મૂળભૂત જરૂરિયાતો માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે. આ ગંભીર સમસ્યા પ્રત્યે જિલ્લા વહીવટી તંત્ર અને પરિવહન વિભાગે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. અંતરિયાળ વિસ્તારોમાં સરકારી પરિવહન સુવિધા ઊભી કરવી અને ખાનગી વાહનોમાં ઓવરલોડિંગ અટકાવવા માટે કડક પગલાં લેવાં અનિવાર્ય બન્યાં છે.

# બારડોલી સુગરમાં પ્રમુખની વરણીમાં વિલંબ થતાં ઉપવાસ આંદોલનની ચીમકી

**નવા** ડિરેક્ટરોની કલેક્ટર અને પ્રાંત અધિકારી સમક્ષ રજૂઆત

બારડોલી: એશિયાની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થાઓમાંની એક એવી બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીઓ તાજેતરમાં જ સંપન્ન થઈ છે. ખેડૂત સભાસદો દ્વારા નવા ડિરેક્ટરોને બહુમતીથી ચૂંટી કાઢવામાં આવ્યા છે. પરંતુ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની રચના બાદ હવે સંસ્થાના સુકાની એટલે કે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પર સૌની મીટ મંડાયેલી છે. આ વરણી પ્રક્રિયામાં વહીવટી તંત્ર દ્વારા અસામાન્ય વિલંબ થઈ રહ્યો હોવાથી સહકારી રાજકારણમાં હવે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

સોમવારે બારડોલી સુગર ફેક્ટરીના નવા ચુંટાયેલા ડિરેક્ટરોએ સુરત કલેક્ટર અને ચૂંટણી અધિકારી એટલે કે બારડોલી પ્રાંત અધિકારી સમક્ષ રૂબરૂ પહોંચીને લેખિત રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે, ટૂંક સમયમાં જ સુગર ફેક્ટરીની આગામી પીલાણ સિઝન શરૂ થવા જઈ રહી છે. સંસ્થાના સુચારુ સંચાલન, મહત્ત્વના વહીવટી કાર્યો અને આગોતરા આયોજન માટે પ્રમુખ તેમજ ઉપપ્રમુખની નિયુક્તિ અત્યંત આવશ્યક છે. જો આ પ્રક્રિયામાં વધુ ઢીલ મૂકવામાં આવશે તો તેની સીધી અસર પીલાણ સિઝનની તૈયારીઓ અને ખેડૂતોના હિત પર પડી શકે છે.

રજૂઆતકર્તા ડિરેક્ટરોએ તંત્રને સ્પષ્ટ અલ્ટિમેટમ આપ્યું છે કે જો આગામી એક જ અઠવાડિયામાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની કાર્યવાહી સત્તાવાર રીતે કરવામાં નહીં આવે, તો તેઓ સ્થાનિક ખેડૂતો અને સભાસદોને સાથે રાખી ઉગ્ર ઉપવાસ આંદોલન પર ઊતરશે તેવું જાણવા મળ્યું છે. આ ઘટનાક્રમને પગલે બારડોલી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના સહકારી અને રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચી ગઈ છે.

# ધામડોદ લુંભામાં જીવંત વીજતાર પડતાં બે વીઘાં શેરડી બળી ગઈ

**લબડતા** વીજતાર તૂટી પડતાં આગ લાગી, તૈયાર પાક નાશ પામતાં ખેડૂતની હાલત કફોડી



બારડોલી: બારડોલીના ધામડોદ લુંભામાં આવેલી બ્લોક નં.283ની જમીન મનીષકુમાર નાનુભાઈ પટેલના નામે ચાલી આવે છે, જેમાં તેમના ખેતરના વહીવટકર્તા આશિષભાઈ પ્રવીણચંદ્ર પટેલે શેરડીનું વાવેતર કરેલું છે. આ ખેતરમાંથી દક્ષિણ ગુજરાત વીજકંપનીની ખેતીવાડીની વીજ લાઈન પસાર થાય છે. જેના તાર ખેતરમાં નીચે સુધી લબડતા હોય તેમણે વીજકંપનીમાં અનેક વખત રજૂઆતો કરી હતી. વરસાદની સિઝનમાં આ તાર ગમે ત્યારે તૂટી પડે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. જોકે, તેમ છતાં દક્ષિણ ગુજરાત વીજ કંપની-બારડોલી ગ્રામ્યના અધિકારીઓના પેટનું પાણી હાલ્યું ન હતું. દરમિયાન સોમવારના રોજ તેમના ખેતરમાં જીવંત વીજતાર તૂટીને શેરડી પર પડતાં તણખા ઊડવાથી બે વીઘાં શેરડીનો પાક બળીને ખાખ થઈ ગયો હતો. જેને કારણે ખેડૂતને લાખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. હજી સુગર ફેક્ટરીની પીલાણ સિઝન શરૂ થવાને દોઢથી બે મહિના જેટલો સમય બાકી છે તે પહેલા જ તૈયાર શેરડીનો પાક સળગી જતાં ખેડૂતની સ્થિતિ કફોડી થઈ ગઈ છે.

હવે આ શેરડી પીલાણ કરવું પણ શક્ય બનશે નહીં. ત્યારે ખેડૂતને આ બાબતે નુકસાનીનું વળતર મળે તે માટે તેમના વહીવટકર્તા દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપનીને લેખિતમાં ફરિયાદ આપવામાં આવી છે.

# તરસાડીની ગીતાંજલિ સ્વીટ એન્ડ ડેરીમાં ફૂડ વિભાગનું ચેકિંગ

**કેટલીક** શંકાસ્પદ અને હલકી ગુણવત્તા ધરાવતી વાસી વસ્તુઓ મળી આવતાં નાશ કરાયો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા નજીક આવેલા તરસાડી પંથકમાં લાંબા સમય બાદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આકસ્મિક રીતે હાથ ધરાયેલી ચેકિંગ ઝુંબેશથી સ્થાનિક વ્યાપારી વર્ગમાં ભારે હલચલ અને ખળભળાટ મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ તરસાડી ખાતે આવેલી જાણીતી ‘ગીતાંજલિ સ્વીટ એન્ડ ડેરી’માં કેટલીક ચીજવસ્તુઓ ખરાબ અને ગુણવત્તા વગરની વેચાતી હોવાની સ્થાનિક સ્તરે ફરિયાદો ઊઠી હતી. આ અંગે ઉચ્ચ કક્ષાએ ફૂડ વિભાગને પણ રજૂઆત કરવામાં આવી હતી. ફરિયાદના આધારે આજે ફૂડ વિભાગના અધિકારીઓનો કાફલો અચાનક ગીતાંજલિ સ્વીટમાર્ક ખાતે ત્રાટક્યો હતો અને સઘન તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન સ્થળ પરથી કેટલીક શંકાસ્પદ અને હલકી ગુણવત્તા ધરાવતી વાસી વસ્તુઓ મળી આવતાં અધિકારીઓએ તરત જ તેનો સ્થળ પર જ નાશ કરાવ્યો હતો. આ સાથે જ ખાદ્યપદાર્થોનાં સેમ્પલ લઈને આગળની તપાસ પ્રક્રિયા હાથ ધરી છે. તરસાડી-કોસંબા પંથકમાં ફૂડ વિભાગની આ સરપ્રાઈઝ રેડના સમાચાર વાયુવેગે પ્રસરતાં અન્ય સ્વીટ અને ડેરી સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

# વ્યારાના ઝાંખરીના જંગલમાંથી ગેરકાયદે ખેરનાં લાકડાં પકડાયાં



વ્યારા: વ્યારા વન વિભાગ દ્વારા ઝાંખરી રાઉન્ડના ચીચબરડી બીટના જંગલ વિસ્તારમાંથી ગેરકાયદે કાપેલાં ખેરના લાકડાંનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. વન વિભાગની ટીમે પેટ્રોલિંગ દરમિયાન જંગલમાં ખેરના કપાયેલા ખૂંટ મળી આવતાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરની આગેવાનીમાં બે અલગ-અલગ ટીમો બનાવી પથી ૬ કલાક સઘન સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જે દરમિયાન ઝાડી-ઝાંખરામાં છુપાવી રાખેલાં ૩૫ નંગ ખેરનાં લાકડાં (૧.૫૧૩ ઘનમીટર જથ્થો) મળી આવ્યા હતા. વન વિભાગે આ તમામ લાકડાંનો જથ્થો જપ્ત કરી ગુનો નોંધ્યો છે અને જપ્ત કરાયેલ મુદ્દામાલને સરકારી ડેપો ડોલવણ ખાતે જમા કરાવી લાકડા ચોરોને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.


